મને હોંશ એવી કે ઊજાળું જગતને, કિરણ જે મળે મારા મનના દીપકને. મને તેજ આપો જલે એવી જ્યોતિ, અમરપંથના સૌને કરાવે એ દર્શન

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૨ | ૨૧ જુલાઈ, ૨૦૨૦, મંગળવાર; શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૯૯૮ |
| અમદાવાદ | ૧૯૩ |
| ગાંધીનગર | ૨૪ |

# દેશમાં કોરોનાના અધધ... નવા ૪૦ હજાર કેસ

**વિશ્વસ્તરે ભારતમાં સૌથી ઓછો ૨.૪૯ ટકા મૃત્યુદર : રિકવરી રેટ ૬૨.૮૬ ટકા થયો : સંક્રમિતોની સંખ્યા ૧૧.૧૮ લાખને પાર, વધુ ૬૮૧ના મોત સાથે મૃત્યુઆંક ૨૭,૫૦૩એ પહોંચ્યો, ૬.૭૭ લાખ દર્દીઓ સ્વસ્થ થયા**



ન્યુ દિલ્હી,તા.૨૦

અનલોક-૨માં કોરોના વાઈરસનું દેશમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું હોવાના ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના દાવા વચ્ચે ગઈકાલે રવિવારે અનલોકના ૧૯મા દિવસે અધધ..૪૦ હજાર કરતાં વધારે નવા કેસો સામે આવ્યાં હતા. તે સાથે જ વધુ ૬૭૫ લોકોના કોરોનાથી મોત થયા હતા. છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૯૫૧૮ દર્દી મહારાષ્ટ્રમાં નોંધાયા હતા. જો કે કેસો વધતાં ફરીથી દેશવ્યાપી લોકડાઉનની શક્યતા નહીવત છે કેમ કે કેન્દ્ર દ્વારા એવો ખુલાસો કરાયો છે કે ફરીથી દેશવ્યાપી લોકડાઉન નહીં આવે. પરંતુ કેટલાક રાજ્યોમાં કેસો વધતાં લોકડાઉનની શક્યતા નકારી શકાતી નથી. બિહારમાં લોકડાઉન ચાલી રહ્યું છે. ગોવામાં આંશિક લોકડાઉન છે. આ સાથે દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો રવિવારે ૧૧ લાખને પાર કરી ગયો હતો. માત્ર ત્રણ દિવસમાં એક લાખ કેસ નોંધાયા હોય તેવું

● અનુસંધાન પાન-૭ પર

# ઓક્સફોર્ડની વેક્સીન સફળ અને સુરક્ષિત

**કોરોના વાયરસ સામેની લડતમાં મોટી સફળતા : હવે ટ્રાયલ આગલા ફેઝમાં : બ્રિટનની ઓક્સફોર્ડ યુનિવર્સિટીની કોરોના વાયરસ વેક્સીનના માણસો પરના પ્રથમ ટ્રાયલનું પરિણામ આવ્યું : બ્રિટને ૯૦ મિલિયન ડોઝ બુક કર્યા**

લંડન, તા.૨૦

કોરોના વાયરસ સામે ઓક્સફોર્ડની વેકસીન સફળ પણ છે અને સુરક્ષિત પણ છે. હવે આગામી ફેઝમાં પહોંચેલી કોરોના વાયરસની વેકસીનની રેસમાં રહેલી ઓક્સફોર્ડ યુનિવર્સિટીના માણસો પર કરવામાં આવેલા ટ્રાયલના પરિણામો સોમવારે દ લેન્સેટ મેગેઝીનમાં છપાયા હતા. રિસર્ચ પેપરમાં જણાવાયું છે કે વાયરલ વેકટરથી બનેલી કોરોના વાયરસ વેકસીન ઝરછર્ઙ્ઘ્ટ૧ હર્ઝફ-૧૯ આપવા પર વાયરસ સામે પ્રતિરોધક ક્ષમતા જોવા મળી. સાથે જ આને સુરક્ષિત પણ ગણાવાઈ છે. આ સાથે જ હવે આ આગામી તબક્કામાં ટ્રાયલ માટે ઓકે કરી દેવાઈ છે. એવું કહેવાય છે કે વેકસીનને બીજી વેકસીનથી પહેલા જ આગળ માનવામાં આવી રહી છે કેમ કે તે વાયરસ સામે બેવડી સુરક્ષા આપે છે.

અત્રે ઉલ્લેખનિય છે કે આ વાયરસના ૯૦ મિલિયન ડોઝ અગાઉથી જ બ્રિટને બુક કરી લીધા છે. રિસર્ચ પેપરમાં જણાવાયું છે કે વેકસીનમાં જે વાયરલ ફેકટરનો ઉપયોગ કરાયો છે તેમાં સાર્સ કોવિડ-૨ના સ્પાઈક પ્રોટીન છે. બીજા ફેઝમાં ૧/૨ માં પાંચ જગ્યાએ ૧૮થી ૫૫ વર્ષની વયના લોકો પર વેકસીનનો ટ્રાયલ કરવામાં આવ્યો.

● અનુસંધાન પાન-૭ પર


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ**



**સ્વ. શ્રી વિનોદભાઈ આર. ટોળીયા** (નિવૃત્ત ડી.એસ.પી.)

**સ્વર્ગવાસ :** તા. ૨૧ જુલાઈ, ૨૦૧૯

આપનું સાંનિધ્ય
વિશાળતા અને ઉદારતાથી સભર ઘૂઘવતા સમુદ્ર સમાન હતું,
આપનું પથદર્શન અમારા માટે
પ્રેરણાનો શાશ્વત સ્ત્રોત રહ્યો છે અને રહેશે.

**કુસુમબેન વિનોદભાઈ ટોળીયા**
**અર્જુન ટોળીયા | નેન્સી ટોળીયા**
**ધ્રુવ ટોળીયા | વિભૂતી ટોળીયા**
**અંજના ટોળીયા**
**દ્રોણ - ધ્યાના**



**હાર્દિક શુભેચ્છા**

જનકલ્યાણના સેવા કાર્યોમાં સક્રિય રહેનાર
સંસદમાં મારા સાથી એવા નવસારીના સાંસદશ્રી સી.આર.પાટીલજીને
ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ
હદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું. આપશ્રીની દીર્ઘદ્રષ્ટી, કુશળ અને નિપુણ
નેતૃત્વ હેઠળ ગુજરાત ભારતીય જનતા પાર્ટી
સફળતાના નવા શિખરો સર કરે તેવી અંતઃકરણની શુભેચ્છા.



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે
**શ્રી સી. આર. પાટીલજીની**
વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...



**શ્રી પરબતભાઈ પટેલ**
સંસદ સભ્ય બનાસકાંઠા અને ચેરમેનશ્રી માર્કેટ કમેટી થરાદ.



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

**સ્મરણાંજલિ**



**સ્વ. વિનોદભાઈ આર. ટોળીયા**
(નિવૃત્ત ડી.એસ.પી.)
સ્વર્ગવાસ : તા.૨૧ જુલાઈ, ૨૦૧૯

મરણ અહીં છો રહ્યું
સ્મરણમાં વહે જિંદગી

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
સ્નેહ સ્મરણ સહ...
**ભાવસભર અંજલિ....**

લી.
**ચેતન પટેલ**
સિદ્ધરાજ ગૃપ